સરકારી મકાનોનું પાણી ભૂગર્ભમાં ઉતારાશે

વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં કેચ ધ રેઇનના કામને મંજૂરી

વાપી : વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. વાપી શહેરના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતિત રહી માર્ગદર્શન પૂરું પાડતા ગુજરાત રાજ્યના નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની દીર્ઘદ્રષ્ટિ અને માર્ગદર્શનને ધ્યાને રાખી બેઠકમાં શહેરી વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક સુવિધાઓને લગતા વિવિધ મહત્વપૂર્ણ કામોને મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં મુખ્યત્વે વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો કરવાના હેતુથી સરકારના કેચ ધ રેઇન પ્રોજેક્ટ અંતર્ગત વાપી શહેરમાં આવેલી





વિવિધ સરકારી ઈમારતો ખાતે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવાના કામોને મંજૂરી આપવામાં આવી હતી. આ કામગીરીથી વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરી તેનો ઉપયોગ વધારવા તેમજ ભૂગર્ભ જળસ્તરના સંવર્ધનને પ્રોત્સાહન મળશે.આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી , નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા કિરણસિંહ રાણા તેમજ વિવિધ વિભાગોના વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કામોને મંજૂરી આપવામાં આવી



(1) બુલેટ ટ્રેન માટે વાપીના જૂના સર્વે નંબર ૨૬૯/૧/૧૪ અને નવા સર્વે નંબર ૨૫૬૫ વાળી જમીનના સંપાદન અંગેની કાર્યવાહી માટે પણ સમિતિ દ્વારા સંમતિ આપવામાં આવી હતી.



(2) ફાયર વિભાગને ડાયલ-૧૧૨ પ્રોજેક્ટ સાથે જોડીને તમામ વાહનોમાં GPS અને MDT ઉપકરણો લગાવવામાં આવશે.



(3) કરવડ ખાતે આવેલી સ્મશાનભૂમિમાં નાગરિકોની સુવિધા અને સુખાકારીને ધ્યાનમાં રાખીને શેડ બનાવવાના કામને પણ મંજૂરી આપવામાં આવી હતી.

ફલધરામાં પોલીસે રાત્રે 9.30 કલાકે ભજન કેમ બંધ કરાવ્યું?

વલસાડ જિલ્લા જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યોએ પ્રશ્નોની ઝડી વરસાવી

વલસાડ : વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ધારાસભ્યોએ પ્રશ્નોની ઝડી વરસાવી હતી.

ધારાસભ્ય અરવિંદ પટેલે ફલધરા ગામમાં પર્યટન સ્થળ તરીકે જાણીતા જલારામધામમાં જલારામ જંયતીના દિવસે રાત્રિના 9.30 કલાકે ભજન સત્સંગ પોલીસ દ્વારા બંધ કરાવી દેવાતા ભક્તોની લાગણી દુભાય હોવાની રજૂઆત કરી હતી. દર મહિનાના પ્રથમ રવિવારે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા થતા સ્વચ્છતા અભિયાનની કામગીરીનું પ્રેઝન્ટેશન દ્વારા સમીક્ષા કરી હતી.

જેમાં ગંદકી કરવામાં આવતી હોય તો તેવા લોકો સામે મોટી રકમમાં દંડનીય કાર્યવાહી કરવા માટે સૂચન કર્યુ હતું. જો દંડ ન ભરે તો તેઓની મિલકતમાં બોજો દાખલ કરવા સુધીની કાર્યવાહી કરવા કલેકટરે જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણા, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કયા ધારાસભ્યએ કઇ રજૂઆત કરી?

(1) અરવિંદ.પટેલ : નાનાપોંઢા રોડ પહોળો કરવાની કામગીરી દરમિયાન 11 વાહનોને જપ્ત કરાતા કામગીરી અટકી ગઇ હોવાનું જણાવી કાયદેસર કાર્યવાહી કરી વહેલી તકે વાહન મુક્ત કરવા જણાવ્યુ હતું.

(2) ભરતભાઇ પટેલ : વલસાડ શહેરમાં માર્ગો પર દુકાનદારો દ્વારા હોર્ડિંગ્સ, બેનર અને સ્ટેચ્યુના કારણે રસ્તા પર ટ્રાફિક જામ અને વાહન પાર્કિંગની સમસ્યા ઉદભવી હોય આ મામલે પાલિકા અને પોલીસ દ્વારાસતત કડક કામગીરી કરવા જણાવ્યું હતું.

(3) રમણલાલ પાટકર : તાલુકામાં ઘણા ખેડૂતો અશિક્ષિત અને ખેતી કરે છે તેમ છતાં તેમની જમીન સરકાર હસ્તક દાખલ કરી છે. આ પ્રકારની જમીન 50 વર્ષથી ખેડૂત ખેડતા હોય તો જમીન પુન: ખેડૂતોને આપવા રજૂઆત કરી હતી. સાથે તાલુકામાં વિવિધ સ્થળે મંજૂર થયેલી હાઇસ્કૂલ, છાત્રાલય અને સાયન્સ કોલેજનું કામ ચાલુ ન થવા અંગે રજૂઆત કરી હતી.

ધરમપુરના માટીખનન પર સુરતની ફ્લાઈંગ ટીમ ત્રાટકી

બારોલિયામાં 11 ડમ્પર અને એક એક્સકેવેટર મશીન સહિત ૩.4 કરોડનો મુદ્દામાલ સીઝ કરાયો

ધરમપુર : ધરમપુર તાલુકાના બારોલીયા ગામે ચાલતી કથિત ગેરકાયદે માટી ખનનની પ્રવૃત્તિ સામે સુરત ફ્લાઈંગ સ્કવોડે દરોડો પાડી મોટી કાર્યવાહી કરી છે. સ્થળ પરથી 11 ડમ્પર અને એક એક્સકેવેટર મશીન સહિત અંદાજે રૂ. 4 કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવતાં ખનીજ ચોરી સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. બારોલીયા વિસ્તારમાં લાંબા સમયથી માટીના ગેરકાયદે ઉત્ખનન અને પરિવહનની પ્રવૃત્તિ ચાલતી હોવાની વિગતોને આધારે સુરત ફ્લાઈંગ સ્કવોડની ટીમે દરોડો પાડ્યો હતો. અચાનક હાથ ધરાયેલી કાર્યવાહીમાં ખનન અને પરિવહન માટે ઉપયોગમાં લેવાતાં 11 ડમ્પર તથા એક્સકેવેટર મશીન કબજે કરવામાં આવ્યાં હતાં.

પ્રાથમિક અંદાજ મુજબ જપ્ત કરાયેલાં વાહનો અને મશીનરીની કુલ કિંમત આશરે રૂ. 4 કરોડ થવા જાય છે. આટલી મોટી સંખ્યામાં વાહનો અને મશીનરી સીઝ થતાં ચકચાર મચી ગઈ છે.



આવધા ગામમાંથી ૩.30 લાખનો મુદ્દામાલ સીલ કરાયો



વલસાડ : વલસાડના મદદનીશ ભુસ્તરશાસત્રીની સુચનાથી કચેરીની તપાસ ટીમ દ્વારા બિનઅધિકૃત ખનિજ ના ખનન/વહન/સંગ્રહ અન્વયે ચેકીંગની કામગીરી દરમ્યાન ધરમપુર તાલુકાના આવધા ગામ ખાતેથી 01 ટ્રક તેમજ ધામણી ગામ નદીપટમાંથી 1 જેસીબી મશીનને સાદી રેતી ખનિજના ગેરકાયદેસર ખનન- વહન સબબ અંદાજે રૂપિયા 30 લાખ નો મુદ્દામાલ સીઝ કર્યો હતો.ઘટના અંગે ગુજરાત ખનીજ(ખાણકામ/વહન/સંગ્રહ) નિવારણ નિયમ-2017 મુજબ નિયમાનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ધરમપુર તાલુકાઓની નદીમાંથી ગેર કાયદેસર સાદી રેતી કાઢવાનો વેપલો લાંબા સમયથી ચાલી રહ્યો હોવાની બાતમી બાદ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરાઈ છે.

સ્થાનિક તંત્રની કામગીરી સામે સવાલો

ખાસ બાબત એ છે કે બારોલીયા વિસ્તાર વલસાડ જિલ્લાના ખાણ-ખનિજ વિભાગની હદમાં આવતો હોવા છતાં સુરતની ફ્લાઈંગ સ્કવોડે આવીને કાર્યવાહી કરવી પડી છે. ત્યારે સ્થાનિક ખાણ-ખનિજ વિભાગની દેખરેખ અને તપાસની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે. જો વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદે ખનન ચાલતું હોવાની ચર્ચા હતી તો સ્થાનિક તંત્રને તેની જાણ કેમ ન થઈ? કે પછી આ પ્રવૃત્તિ સામે સમયસર કાર્યવાહી કેમ ન કરાઈ? તેવા સવાલો સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય બન્યા છે.

વલસાડ મનપાની દબાણ હટાવ ઝુંબેશ યથાવત્

કપડાંની દુકાનો બહારથી મેનીક્વિન દૂર કરાતાં વેપારીઓમાં રોષ

વલસાડ :શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવાના હેતુથી વલસાડ નગરપાલિકા દ્વારા આજરોજ દબાણ હટાવવાનું ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન નગરપાલિકાની ટીમે મુખ્ય બજાર વિસ્તારમાં આવેલી કપડાની દુકાનોની બહાર પ્રદર્શન માટે મૂકવામાં આવેલા સ્ટેચ્યુ (પૂતળા) દૂર કરવાની કામગીરી કરી હતી.

જોકે, નગરપાલિકાની આ કાર્યવાહીને પગલે સ્થાનિક કપડાના વેપારીઓમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓનો આક્ષેપ છે કે પાલિકાની ટીમે કોઈ પણ ભેદભાવ વિના એકસાથે તમામ દુકાનોના સ્ટેચ્યુ હટાવી દીધા હતા. જે વેપારીઓએ જાહેર રસ્તા કે પાર્કિંગની જગ્યાને બદલે પોતાની દુકાનની હદમાં એટલે કે પોતાના ઓટલા પર સ્ટેચ્યુ મૂક્યા હતા, તેમના સ્ટેચ્યુ પણ પાલિકા દ્વારા દૂર કરી લેવામાં આવ્યા છે. પાલિકાના આ વલણ સામે કેટલીક કપડાની દુકાનના સંચાલકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓનું કહેવું છે કે પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવાની કામગીરી આવકારદાયક છે, પરંતુ પોતાની જ માલિકીના ઓટલા પર મૂકેલો સામાન હટાવવો એ અયોગ્ય છે. આ ઘટનાને પગલે બજાર વિસ્તારમાં થોડા સમય માટે ગરમાગરમીનો માહોલ સર્જાયો હતો અને વેપારીઓએ તંત્ર સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

નાગધરાનો યુવાન ગાંજા સાથે ઝડપાયો

નવસારી : નવસારી પોલીસે નાગધરાના યુવાનને ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. નવસારી ગ્રામ્ય પોલીસે શંકાના આધારે મોપેડચાલક શશિકુમાર ઉર્ફે સાવન નટુભાઈ નાયકા પટેલ (ઉ.વ. ૩૪), રહે. મોરી ફળિયું, નાગધરાને શંકાના આધારે અટકાવી તપાસ કરવામાં આવી હતી. દરમિયાન તેની પાસેથી ૧,૦૯૫ની કિંમતનો ૨૧.૯૦ ગ્રામ ગાંજો તથા ગાંજાના પેકિંગ માટે ઉપયોગમાં લેવાતી છ ખાલી કોથળીઓ મળી આવી હતી. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત ૫,૦૦૦નો મોબાઈલ ફોન, ૧૦૦ રોકડા અને ૩૫,૦૦૦ની કિંમતનું એક્ટિવા મોપેડ કબજે લેવાયું છે.

વાંસદાના હોળીપાડા ગામે ગાયોના ચારામાં આગ

વાંસદાઃ વાંસદા તાલુકાના હોળીપાડા ગામના નિશાળ ફળિયામાં રહેતા પરભુભાઈ નાનજીભાઈ પટેલના પશુઓના શેડમાં ગાયો માટે સંગ્રહ કરી રાખેલા ઘાસના પુળેટિયાં (ચારો) માં સાંજના સમયે અચાનક આગ લાગી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની ઘટના બનતાં પરિવારજનો તેમજ આજુબાજુના રહીશો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે આગ વધુ પ્રસરી જતાં વાંસદા અગ્નિશામક



નિલેશ કાપડિયા

દળનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જાણ થતાં જ અગ્નિશામક વાહન ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાની કામગીરીમાં લાગી ગયું હતું. જોકે અગ્નિશામક વાહન આગ પર કાબૂ મેળવે તે પહેલાં જ શેડમાં સંગ્રહ કરેલા ઘાસના તમામ પુળેટિયાં બળીને ખાખ થઈ ગયા હતા.

ઉમરગામમાં બાઈક થાંભલા સાથે અથડાતાં બે મિત્રોનાં મોત

ઘોડીપાડા ગામમાં બનેલી ઘટનામાં એક મિત્રને ઇજા

ઉમરગામ : વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના ધોડીપાડામાં વીજ પોલ સાથે મો.સાયકલ અથડાતા અકસ્માતમા બે મિત્રોના કરુણ મોત નીપજવા પામ્યા હતા જ્યારે એકને ઈજા પહોંચી હોવાનો બનાવ બનવા બન્યો છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના ધોડીપાડા ગામના ત્રણ મિત્રો ફરિયાદી અક્ષય કરસન નાગરીયા (ઉ.વ 20), વિશાલકુમાર અશ્વિનભાઈ લાહાંગીયા (ઉ.વ 23) વાગડિયા ફળિયુ અને શિવમ શાંતુભાઈ સાપટા (ઉ.વ 22) મુરપાડા ફળિયુ ત્રણે જણા શુક્રવારે કેટીએમ મોટરસાયકલ ઉપર જતા હતા. ત્યારે રાત્રિના 20:15 કલાકે ધોડીપાડા બોન ફળિયા પાસે જાહેર રોડ ઉપર અચાનક બળદ વચ્ચે આવી જતા બાઈક ચાલક વિશાલે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા બાઈક વીજળીના થાંભલા સાથે અથડાતા ગમખ્વાર અકસ્માતમાં ઘટના સ્થળે જ ગંભીર ઈજાના કારણે વિશાલકુમાર અને શિવમ નુ કરુણ મોત નીપજવા પામ્યું હતું. જ્યારે ફરિયાદી અક્ષયને ઈજા પહોંચી હતી. બનાવ અંગે સરીગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. એક સાથે બે મિત્રોના મોત થઈ જતા સમગ્ર વિસ્તારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

ગણદેવીના ખાપરીયામાં વોર્ડ નં.૮ની અનામત બેઠકનો વિવાદ વકર્યો

પાટીદાર મતદારોનો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બહિષ્કારનો નિર્ણય

બીલીમોરા : ગણદેવી તાલુકાના ખાપરીયા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વોર્ડ નં.૮ની બેઠકની અનામત ફાળવણીને લઈને વિવાદ ઊભો થયો છે. વર્ષોથી બેઠક બિનઅનામત રહેતી હોવા છતાં વર્ષ ૨૦૧૬થી સતત બક્ષીપંચ વર્ગ માટે અનામત રાખવામાં આવતી હોવાનો આક્ષેપ કરી વોર્ડના સ્થાનિક પાટીદાર મતદારોએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો



કુ. બારીયા

બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આ અંગે વિરોધ કરતાં બેનર લગાવી તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ખાપરીયા ગ્રામ પંચાયતના વોર્ડ નં.૮માં કણબીવાડ, દેસાઈ ફળિયું અને જૈન મહોલ્લાનો સમાવેશ થાય છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉ આ બેઠક સામાન્ય (બિનઅનામત) વર્ગ માટે ફાળવવામાં આવતી હતી, પરંતુ વર્ષ ૨૦૧૬થી સતત બક્ષીપંચ વર્ગ માટે અનામત રાખવામાં આવી રહી છે. કણબીવાડ વિસ્તારમાં અંદાજે ૧૬૦થી ૧૬૫ પાટીદાર મતદારો અને આશરે ૨૩૦ની વસ્તી હોવા છતાં અહીં બક્ષીપંચ વર્ગના મતદારો ન હોવાથી અનામત બેઠક પર ઉમેદવારી નોંધાતી નથી. પરિણામે વોર્ડ સભ્યની બેઠક ખાલી રહેતી હોવાનો સ્થાનિકોનો દાવો છે.

હરણગામ-બામણવેલ માર્ગ ઉપરથી ગાંજો ઝડપાયો

ઘેજ : પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ બાતમીના આધારે ચીખલી પોલીસના -મહેન્દ્ર નેભાભાઇ,વીજયભાઇ દેવાયતભાઇ સહિતના સ્ટાફે ચીખલી તાલુકાના હરણગામ થી બામણવેલ માર્ગ યાકુબ ફુલતની ખેતીવાડીના ફાર્મના ગેટ પાસેથી એક શખ્સની તલાસી લેતા છૂટક વેચાણ માટે વગર પાસ પરમીટે રાખેલ ૧૪ ગ્રામ જેટલો વનસ્પતિજન્ય ગાંજો ૩૦૦/- રૂપિયા,એક ચિલમ તથા અંગ ઝડતીના રોકડા રૂ.૧૬૦ તથા એક સ્પ્લેન્ડર મોટર સાયકલ નં-જીજે-૨૧-ડીડી-૦૬૦૯ કિ.રૂ.૬૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૭૦,૮૬૦/- ના મુદ્દામાલ સાથે યુસુફ ઈમરાન સીદાત (ઉ.વ-૨૨, રહે.હરણગામ ફુલત ફળીયા તા.ચીખલી જી.નવસારી) ની અટક કરી પૂછપરછ હાથ ધરાતા આ ગાંજાનો જથ્થો ડાંગ જિલ્લાનો અજાણ્યો ઈસમ આશરે ૩૦ થી ૩૫ વર્ષીય શખ્સ ટાંકલ ગામે આપી ગયો હોવાનું બહાર આવતા પોલીસે તેની સામે ગુનો નોંધી સદર અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.



ગીરીશ ભોયે

ડાંગ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

નેટવર્ક સમસ્યા, વીજળી અંગેના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી

સાપુતારા : ડાંગ જિલ્લા સેવા સદન, આહવા ખાતે જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગ જિલ્લા ધારાસભ્ય વિજયભાઇ પટેલે સાપુતારા વિજ કનેક્શન આપવા, તેમજ સાપુતારા નવાગામમાં પ્લોટ ફાળવણી થયેલ વ્યક્તિઓને પાકા મકાન બાંધકામની મંજૂરી આપવા અંગેની કાર્યવાહી કરવા તેમજ ડાંગ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા નિવારણ માટે રાજ્ય સરકારનો મહત્વપુર્ણ, પ્રોજેક્ટ તાપી આધારીત પાણી પુરવઠાની રૂ. ૮૬૬ કરોડની યોજના અંગેની કામગીરીની સમિક્ષા કરી, આ પ્રોજેક્ટમાં ખુટતી કાર્યવાહી કરી તે અંગેની ઝડપી કામગીરી કરવા અધિકારીને જણાવ્યું હતુ.બેઠકમાં ઉપસ્થિત ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીતે પણ નાગરિકોને સ્પર્શતા વિવિધ પ્રશ્નો અને વિકાસલક્ષી મુદ્દાઓ રજૂ કરી વહીવટી તંત્રનું ધ્યાન દોર્યું હતુ.બેઠક દરમિયાન કલેક્ટરએ ગ્રામીણ વિસ્તારોમાં સીસી રોડ, આંતરિક રોડ રસ્તા, પીવાના પાણીની સુવિધા, એસ.ટી. બસ સેવાઓ સુદ્રઢ કરવા, છેવાડાના નાગરિકોને પરિવહનની મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા, કાયદો વ્યવસ્થાની પરિસ્થિત જાળવવા, નેટવર્ક સમસ્યા, વિજળી અંગેના પ્રશ્નો વિગેરે મુદ્દે ચર્ચા કરી લોકના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ લાવવા જણાવ્યું હતુ.

આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
સીઆઇએન : L65110TN2014PLC097792 રજિસ્ટર્ડ ઓફિસ: - કેઆરએમ ટાવર્સ, ૪મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ- 600031. ફોન : +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે જણાવેલ કરજદારો અને સહ-કરજદારોએ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે દર્શાવેલ સુરક્ષિત લોન લીધેલી છે. નીચે દર્શાવેલ કરજદારો અને સહ-કરજદારોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત બન્યા હોવાથી આરબીઆઇની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ચૂકવવાની થતી બાકી રકમ જાની કરાયેલ સંબંધિત નોટિસો મુજબ નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર દર્શાવવામાં આવી છે અને ઉક્ત રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ પડશે અને તે તેમની સંબંધિત તારીખોથી કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	કરજદારો અને સહ-કરજદારોના નામ	કલમ 13 (2) નોટિસની તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	27742642	હોમ લોન	1. રામચંદ્ર જેના 2. મામિની જેના	14-ઓક્ટો-2026	રૂ. 6,22,240.65/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ નં. 106ની જગ્યા જેનું ક્ષેત્રફળ 46.66 ચો. વાર (કેજેપી દુરસ્તી મુજબ બ્લોક નં. 159/106/a પછી ક્ષેત્રફળ 39.05 ચો. મીટર), તેની સાથે રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ જમીનનો હિસ્સો અને સામાન્ય વપરાશના હક્કો જેનું ક્ષેત્રફળ 20.56 ચો. મીટર, "આરાધના ડ્રીમ વિભાગ-1", જે મોજે: જોળવા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: પલસાણા, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-394305 ખાતે આવેલ બ્લોક નં. 159 અને 162, એકત્રીકરણ પછી નવો બ્લોક નં. 159 વાળી જમીન પર વિકસાવવામાં આવેલ છે અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વ: લાગુ સોસાયટીની હદ, પશ્ચિમ : લાગુ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર: લાગુ પ્લોટ નં. 105, દક્ષિણ: લાગુ પ્લોટ નં. 107.		
2	40328868	હોમ લોન	1. વિપુલભાઈ કંચનભાઈ ચુનાર 2. સંગીતા વિપુલભાઈ ચુનારા	17-ઓક્ટો-2026	રૂ. 11,92,425.91/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ નં. 93ની જગ્યા જેનું ક્ષેત્રફળ 76.00 ચો. વાર એટલે કે 63.54 ચો. મીટર, ખુલ્લો પ્લોટ (કેજેપી બ્લોક નં. 375/93 પછી ક્ષેત્રફળ 60.84 ચો. મીટર), તેની સાથે રોડ અને સીઓપીમાં પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સો જેનું ક્ષેત્રફળ 34.21 ચો. મીટર, "પ્રથમ રેસીડેન્સી", જે મોજે: ગામ હલધરૂ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: કામરેજ, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-394180 ખાતે આવેલ રેવન્યુ સર્વે નં. 318, 320, રી-સર્વે પછી નવો બ્લોક નં. 375 (જૂનો બ્લોક નં. 352 પૈકી 2) વાળી જમીન પર વિકસાવવામાં આવેલ છે, પૂર્વ: લાગુ સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમ : લાગુ પ્લોટ નં. 108, ઉત્તર: લાગુ પ્લોટ નં. 92, દક્ષિણ : લાગુ પ્લોટ નં. 94.		
3	129776264	હોમ લોન	1. સચિનભાઈ રઘુનાથ ઈંદવે 2. કવિતા સચિનભાઈ ઈંદવે	04-નવે-2026	રૂ. 11,28,265.71/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ નં. 472ની જગ્યા જેનું ક્ષેત્રફળ 48.06 ચો. વાર એટલે કે 40.18 ચો. મીટર, ખુલ્લી જમીન, તેની સાથે રોડ અને સીઓપીમાં પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સો જેનું ક્ષેત્રફળ 25.76 ચો. મીટર, કુલ ક્ષેત્રફળ 65.94 ચો. મીટર, "મહેક રેસીડેન્સી-2", જે મોજે: ગામ સિવાણ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: ઓલપાડ, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-394130 ખાતે આવેલ બ્લોક નં. 285, 7/12 ના રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ 5-35-20 ચો. મીટર એટલે કે 53520 ચો. મીટર, રહેણાંક હેતુ માટે એન.એ. થયેલ જમીન પૈકીની જમીન પર વિકસાવવામાં આવેલ છે, અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વ: લાગુ પ્લોટ નં. 473, પશ્ચિમ: લાગુ પ્લોટ નં. 471, ઉત્તર: લાગુ પ્લોટ નં. 469, દક્ષિણ: લાગુ સોસાયટીનો આંતરિક રોડ.		

આથી તમને આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબની રકમ, તેના પર તેમની સંબંધિત તારીખોથી કરારના દર મુજબના વ્યાજ અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આ પ્રસિદ્ધિની તારીખથી 60 દિવસની અંદર ચૂકવી દેવા જણાવવામાં આવે છે, જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો નીચે સહી કરનારને ઉપરોક્ત જણાવેલ ગીરો મૂકેલી મિલકતો સામે સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવાની ફરજ પડશે, જેથી આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને લેણી નીકળતી રકમ વસૂલ કરી શકાય. વધુમાં, ઉક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ તમને ઉક્ત સુરક્ષિત મિલકતો વેચાણ/ભાડાપટ્ટા અથવા અન્ય કોઈપણ રીતે તબદીલ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સહી/- અધિકૃત અધિકારી
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ : 21.11.2026
સ્થળ : સુરત, ગુજરાત